Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ગુજરાતી ભાષા અને સાહિત્યમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું ચિત્રણ; વૈશ્વિક એકતાના પરિપ્રેક્ષ્યમાં

ડૉ. મુકેશપુરી એચ. સ્વામી
આસી. પ્રોફેસર,ગુજરાતી વિભાગ,
નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

---

**સારાંશ (Abstract)**

ભારતની સાંસ્કૃતિક અને ભાવનાત્મક એકતાને મજબૂત કરવાના હેતુથી શરૂ થયેલ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અભિયાનનો પાયો વાસ્તવમાં ભારતીય સાહિત્યમાં સદીઓથી નખાયેલો છે. પ્રસ્તુત સંશોધન પત્રમાં ગુજરાતી ભાષા અને સાહિત્યના માધ્યમથી રાષ્ટ્રીય એકતા અને વૈશ્વિક બંધુત્વના દર્શન કેવી રીતે થાય છે, તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્ય આદિકાળથી જ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાથી સભર રહ્યું છે. મધ્યકાલીન યુગમાં નરસિંહ મહેતાના પદો હોય કે મીરાંબાઈની ભક્તિ, તેમાં ભૌગોલિક સીમાઓ ઓગળીને એક અખંડ ભારતીય ચેતના પ્રગટે છે. અર્વાચીન યુગમાં નર્મદના 'જય જય ગરવી ગુજરાત'માં ગુજરાતની અસ્મિતાની સાથે ભારતની ભવ્યતાનો સ્વીકાર છે. મહાત્મા ગાંધી અને ઝવેરચંદ મેઘાણીના સાહિત્યમાં રાષ્ટ્રીયતાના જે સૂર રેલાયા છે, તે ભારતને એક તાંતણે બાંધવાનું સામર્થ્ય ધરાવે છે. મેઘાણીની 'કસુંબીનો રંગ' હોય કે ઉમાશંકર જોશીની 'વિશ્વશાંતિ', ગુજરાતી કવિઓએ હંમેશા પ્રાંતવાદથી ઉપર ઉઠીને રાષ્ટ્રવાદ અને માનવતાવાદને પ્રાધાન્ય આપ્યું છે.

આ પત્રમાં મુખ્યત્વે બે પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે:

1. ગુજરાતી સાહિત્યમાં અન્ય પ્રદેશોની સંસ્કૃતિ અને લોકજીવનનું આલેખન.
2. સાહિત્યિક આદાન-પ્રદાન દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ગુજરાતી લેખકોનું પ્રદાન.

નિષ્કર્ષમાં, ગુજરાતી સાહિત્ય કેવળ પ્રાદેશિક સીમાઓમાં સીમિત નથી, પરંતુ તે ભારતીયતાના ગૌરવગાન દ્વારા વૈશ્વિક એકતા માટે એક મજબૂત મોડેલ પૂરું પાડે છે. સાહિત્યિક સેતુ દ્વારા જ એક પ્રદેશ બીજા પ્રદેશના હૃદય સુધી પહોંચી શકે છે, જે આજના વૈશ્વિકરણના યુગમાં અત્યંત પ્રસ્તુત છે.

**મુખ્ય શબ્દો (Keywords):રાષ્ટ્રીય એકતા, ગુજરાતી સાહિત્ય,સાંસ્કૃતિક સેતુ,અસ્મિતા,વૈશ્વિક મોડેલ**

## ૧. પ્રસ્તાવના (Introduction)

ભારત એક વિવિધતાસભર દેશ છે, જ્યાં "કોસ કોસ પર પાણી બદલે અને ચાર કોસ પર વાણી" એવી કહેવત પ્રચલિત છે. આ વિવિધતા જ ભારતની શક્તિ છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' એ કેવળ રાજકીય સૂત્ર નથી, પરંતુ ભારતની આત્માનો અવાજ છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અભિયાન એ સરદાર વલ્લભભાઈ પટેલના સપનાને સાકાર કરવાની દિશામાં એક મજબૂત પગલું છે. સાહિત્ય એવો સેતુ છે જે ભાષાની સીમાઓને ઓળંગીને હૃદયને જોડે છે. ગુજરાતી સાહિત્ય, તેની હજારો વર્ષોની યાત્રામાં, ક્યારેય પણ ગુજરાત પૂરતું સીમિત રહ્યું નથી. તેમાં કાશ્મીરથી કન્યાકુમારી અને કટકથી કચ્છ સુધીના ભારતનું પ્રતિબિંબ ઝીલાયું છે. આ સંશોધન પત્રનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતી સાહિત્યના વિવિધ યુગોમાં રાષ્ટ્રીય એકતા અને વૈશ્વિક બંધુત્વના તત્વોને શોધવાનો છે.

## ☐ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય: રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક જોડાણનો પાયો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (ઈ.સ. ૧૧૮૫ થી ૧૮૫૦) એ માત્ર ધર્મ કે ભક્તિનું સાહિત્ય નથી, પરંતુ તે ભારતના ભૌગોલિક અને સાંસ્કૃતિક એકીકરણનો જીવંત દસ્તાવેજ છે. તે સમયે ભલે ભારત રાજકીય રીતે નાના-મોટા રજવાડાઓમાં વિભાજિત હતું, પરંતુ સાહિત્ય અને ભક્તિ આંદોલને દેશને 'એક ભારત' તરીકે જોડી રાખ્યો હતો. મધ્યકાલીન સાહિત્યમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો અને પ્રેમાનંદ જેવા કવિઓએ ભક્તિ આંદોલન દ્વારા ભારતને જોડવાનું કામ કર્યું હતું.

## ➢ ભક્તિ આંદોલન: એક અખંડ ભારતીય સેતુ

મધ્યકાળમાં સમગ્ર ભારતમાં 'ભક્તિ આંદોલન'ની લહેર પ્રસરી હતી. દક્ષિણ ભારતના આલવાર સંતોથી શરૂ થયેલી આ ધારા ઉત્તરમાં રામાનંદ અને કબીર સુધી પહોંચી. ગુજરાતી સાહિત્ય આ જ મહાન ભારતીય પરંપરાનો એક હિસ્સો છે. નરસિંહ મહેતા કે મીરાંબાઈ જ્યારે પદો રચતા, ત્યારે તેમની ભાષામાં વ્રજ, હિન્દી અને રાજસ્થાની શબ્દોનો સહજ સમન્વય જોવા મળતો. આ દર્શાવે છે કે મધ્યકાળનો કવિ ક્યારેય પ્રાદેશિક સીમાઓમાં કેદ નહોતો. તેમના માટે કાશી, મથુરા, દ્વારકા અને જગન્નાથપુરી એક જ આધ્યાત્મિક ભૂખંડના ભાગ હતા.

## ૧. નરસિંહ મહેતા: રાષ્ટ્રીય નૈતિકતાના ઉદ્ઘોષક

નરસિંહ મહેતાને આપણે 'આદિકવિ' કહીએ છીએ, પરંતુ તેઓ વાસ્તવમાં 'રાષ્ટ્રકવિ'ના પૂર્વજ છે.તેમની જાણીતી પદ રચના;

"વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,"
"પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે."
*(આ પંક્તિ ભારતની નૈતિક એકતાનું વૈશ્વિક પ્રતીક છે.)*

આ પદ દ્વારા નરસિંહે પ્રાદેશિકતાની સીમાઓ તોડીને 'માનવતા'ને રાષ્ટ્રનો ધર્મ બનાવ્યો. તેમનું આ પદ આખા ભારતના નૈતિક મૂલ્યોનું પ્રતીક બન્યું. તે કેવળ ગુજરાતનું નહીં, પરંતુ સમગ્ર ભારતનું રાષ્ટ્રગીત સમાન પદ બની ગયું.

આ પદમાં નરસિંહે જે મૂલ્યો આપ્યા છે—પરદુઃખે ઉપકાર કરવો, અભિમાન ન રાખવું, સકળ લોકમાં સહુને વંદવા—તે ભારતના સનાતન માનવતાવાદી મોડેલની રજૂઆત છે. ગાંધીજીએ આ પદને જે રીતે રાષ્ટ્રીય સ્તરે અપનાવ્યું, તે સાબિત કરે છે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખા ભારતને એક સૂત્રમાં બાંધવાની તાકાત હતી.

નરસિંહના પદોમાં " અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;" કહીને જે અદ્વૈતવાદ રજૂ થયો છે, તે ભારતીય દર્શનશાસ્ત્રનું મૂળ છે.તેમાં **જ્ઞાન અને સમભાવ બંનેનો સમન્વય છે. તેમાં** *સમગ્ર વિશ્વ અને રાષ્ટ્ર એક જ શક્તિનો અંશ છે તેવો સંદેશ* મળે છે.

## ૨. મીરાંબાઈ: ભૌગોલિક સીમાઓનું અતિક્રમણ

મીરાંબાઈનું જીવન જ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું શ્રેષ્ઠ ઉદાહરણ છે.રાજસ્થાનની ભૂમિ પર જન્મેલા મીરાંએ ગુજરાતના દ્વારકામાં દેહત્યાગ કર્યો. તેમની પદાવલિઓ ગુજરાતી, રાજસ્થાની અને હિન્દી ભાષાના સંગમ સમાન છે, જે સાંસ્કૃતિક એકતાનું ઉત્તમ ઉદાહરણ છે.મીરાંએ સામાજિક મર્યાદાઓ તોડીને 'સાધુ સંગાત' કર્યો, જે ભારતના પાયાના સામાજિક સ્તરોને જોડવાનો પ્રયાસ હતો. આજે પણ ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતના લોકો મીરાંના પદો એક જ લયમાં ગાય છે, જે સાંસ્કૃતિક અખંડિતતા દર્શાવે છે.

## ૩. પ્રેમાનંદ: પૌરાણિક કથાઓ દ્વારા ભારતનું દર્શન

**મધ્યકાળના સૌથી લોકપ્રિય કવિ પ્રેમાનંદે 'માણભટ્ટ' તરીકે ગામેગામ જઈને આખ્યાનો ગાયાં. આખ્યાન શિરોમણી પ્રેમાનંદે પૌરાણિક કથાઓ દ્વારા સમગ્ર ભારતીય સંસ્કૃતિના પાત્રોને (કૃષ્ણ, રામ, સુદામા) ગુજરાતી ઘરોમાં જીવંત કર્યા.તેમણે ભારતના પૌરાણિક વારસાને ગુજરાતી ઓપ આપીને સાબિત કર્યું કે ભારતનો ઈતિહાસ અને સંસ્કૃતિ એક જ છે. પ્રેમાનંદે નળ-દમયંતી (મધ્યપ્રદેશ/વિદર્ભ), ઓખા-અનિરુદ્ધ (આસામ/શોણિતપુર), અને સુદામા (ગુજરાત/પોરબંદર) જેવી કથાઓ દ્વારા ગુજરાતના લોકોને ભારતના અન્ય ભૌગોલિક પ્રદેશોનો પરિચય કરાવ્યો.પ્રેમાનંદની વિશેષતા એ હતી કે તેઓ પૌરાણિક પાત્રોને ગુજરાતી પહેરવેશ અને રીત-રિવાજો પહેરાવતા, છતાં તેમનો આત્મા 'ભારતીય' રહેતો. આ રીતે તેમણે 'વિવિધતામાં એકતા'નો મંત્ર ઘર-ઘર સુધી પહોંચાડ્યો.**

## ૪. અખાનો જ્ઞાનમાર્ગ: અંધશ્રદ્ધા વિરુદ્ધ એકતા

અખાએ પોતાના છપ્પાઓ દ્વારા સામાજિક કુરિવાજો અને ધાર્મિક દંભ પર આકરા પ્રહારો કર્યા. અખાએ લોકોને ભાષાના વળગણમાંથી મુક્ત થવા કહ્યું: *"ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર."* માં *ભાષાના વિવાદથી ઉપર ઉઠી રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપવાની વાત* છે. આ વિચાર શ્રેષ્ઠ ભારત માટે જરૂરી છે, કારણ કે તે ભાષાવાદના ઝઘડાને શાંત કરીને કર્તવ્ય પર ભાર મૂકે છે. અખાનો 'અદ્વૈત' વિચાર આખા ભારતના વેદાંત વિચાર સાથે જોડાયેલો છે.



**૫. દયારામ**: મધ્યકાળના અંતિમ કવિ દયારામ આખા ભારતના તીર્થધામોમાં ફર્યા હતા. તેમની  ગરબીઓમાં વ્રજ ભાષાનો પ્રભાવ છે, જે દર્શાવે છે કે સાહિત્યિક સૌંદર્ય માટે કવિઓ આખા ભારતની ભાષાઓને પોતાની ગણતા હતા.

## ૬. સ્વામીનારાયણ સંપ્રદાય અને અન્ય સંતોનું પ્રદાન

૧૮મી અને ૧૯મી સદીમાં સ્વામીનારાયણ ભગવાને (જેઓ મૂળ ઉત્તર પ્રદેશના હતા) ગુજરાતમાં આવીને સામાજિક સુધારણા કરી.એક ઉત્તર ભારતીય યુવાન ગુજરાતમાં આવીને લાખો લોકોના આસ્થાનું કેન્દ્ર બને અને ગુજરાતીમાં સાહિત્ય સર્જનને પ્રોત્સાહન આપે (વચનામૃત), તે 'એક ભારત'નું જીવંત મોડેલ છે.

## ૭. મધ્યકાલીન સાહિત્ય : વૈશ્વિક એકતા માટે મોડેલ

મધ્યકાલીન સાહિત્ય નીચે મુજબના મુદ્દાઓ દ્વારા વૈશ્વિક એકતાનું મોડેલ બને છે:

1. **સહિષ્ણુતા**: કબીર, અખો અને રૈદાસના વિચારો દ્વારા સમાજના તમામ વર્ગોને સાથે રાખવાની
વાત.
2. **ત્યાગ અને સેવા**: ભારતીય સંત પરંપરાએ ભૌતિકવાદને બદલે સેવાને પ્રાધાન્ય આપ્યું, જે આજના અશાંત વિશ્વ માટે શાંતિનો માર્ગ છે.
3. **ભાષાકીય ઉદારતા**: સાહિત્યકારોએ ક્યારેય 'માત્ર ગુજરાતી'નો આગ્રહ ન રાખ્યો, તેમણે સંસ્કૃત,
પ્રાકૃત, વ્રજ અને હિન્દીના તત્વોને સહર્ષ સ્વીકાર્યા.

## <u>નિષ્કર્ષ</u>

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એ સાંકડી ગલી નથી, પણ એક વિશાળ રાજમાર્ગ છે જે સીધો ભારતીયતાના હૃદય તરફ જાય છે. આ સાહિત્યે જ ભારતના લોકોને દુષ્કાળ, યુદ્ધો અને પરકીય આક્રમણો છતાં માનસિક રીતે તૂટવા દીધા નથી. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની જે કલ્પના આજે આપણે કરીએ છીએ, તે આ સંતો અને કવિઓએ પોતાની કલમ અને એકતારા દ્વારા સદીઓ પહેલાં સાકાર કરી દીધી હતી.

## ☐અર્વાચીન યુગ: રાષ્ટ્રવાદનો ઉદય

અર્વાચીન ગુજરાતી પદ્ય સાહિત્યમાં રાષ્ટ્રભક્તિ અને એકતાનો સૂર સંભળાય છે. ગુજરાતી કવિતાએ હંમેશા ભારત માતાની વંદના કરી છે.૧૯મી સદીના ઉત્તરાર્ધમાં દલપતરામ- નર્મદથી શરૂ થયેલી અર્વાચીનતામાં 'દેશભક્તિ'નો પ્રબળ સૂર હતો. નર્મદ અને દલપતરામના યુગમાં ભારત એક રાષ્ટ્ર તરીકે આકાર લઈ રહ્યો હતો.

### ❖ સુધારકયુગ: દેશાભિમાન અને અસ્મિતાનું પ્રાગટ્ય

### ૧. કવિ દલપતરામ: સામાજિક સુધારણા દ્વારા રાષ્ટ્રનિર્માણ

**સુધારકયુગના પ્રથમ કવિ દલપતરામે મોટાભાગે સમાજસુધારાની કવિતા રચી છે. એમણે** અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજો સામે કલમ ઉપાડી. એક 'શ્રેષ્ઠ ભારત' ત્યારે જ બની શકે જ્યારે તેનો સમાજ કુપ્રથાઓથી મુક્ત હોય. કવિ દલપતરામે '**હુન્નરખાનની ચઢાઈ**' કાવ્યમાં તેમણે ભારતીય ઉદ્યોગોના પતન વિશે ચિંતા વ્યક્ત કરી અને દેશી હુન્નર-કળાને પ્રોત્સાહન આપવા જણાવ્યું. આ વિચાર આજના 'આત્મનિર્ભર ભારત'નો પ્રારંભિક સ્તર હતો.

"જોજો રે મોટાના છોકરા, હુન્નરકળામાં હાર્યા;
વિદેશી માલ વાપરીને, તમે કેવા પાયમાલ ઠર્યા!"

*આજે 'વિકસિત ભારત' માટે 'આત્મનિર્ભર ભારત' બનાવવા માટે સરકાર દ્વારા પ્રશંસનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે દલપતરામની આ કવિતામાં 'આત્મનિર્ભર ભારત'નો પ્રાચીન સૂર સંભળાય છે.*

### ૨. નર્મદ: દેશાભિમાનના પ્રથમ પ્રવર્તક

અર્વાચીન યુગનો આદ્યકવિ નર્મદ વીરત્વ અને એકતાનો કવિ છે. **તેમણે ધર્મ અને જ્ઞાતિના ભેદ ભૂલીને યુવાનોને રાષ્ટ્રસેવા માટે આહ્વાન આપ્યું.**એની જાણીતી કવિતા જુઓ;

"સૌ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે; યા હોમ કરીને પડો ફતેહ છે આગે."

*જેમાં રાષ્ટ્ર માટે બલિદાન આપવાની ભાવના પ્રગટ થઈ છે.* નર્મદનું સાહિત્ય 'એક ભારત' માટેની ઉર્જા પૂરું પાડે છે.**કવિ નર્મદ પ્રાદેશિક ગૌરવ સાથે રાષ્ટ્રીયતાનું પણ યશસ્વી ગાન કરે છે;**

"જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પરભાત."

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

'જય જય ગરવી ગુજરાત' લખનાર નર્મદે ગુજરાતની ઓળખ તો આપી, પણ સાથે જ 'હિન્દુઓની પડતી' દ્વારા સમગ્ર ભારતની સામાજિક-રાજકીય સ્થિતિ પર આકરા પ્રહારો કરી રાષ્ટ્રીય જાગૃતિ આણી હતી. "વીર સત્ય ને આકશુ, રણ જીતવાને આતશુ" – આ શૌર્ય ગીતોએ ભારતીય યુવાનોમાં રાષ્ટ્રીય ચેતના જગાડી. તેણે સૌપ્રથમવાર 'સ્વદેશાભિમાન' શબ્દને લોકપ્રિય બનાવ્યો.

## ➢ પંડિત યુગ: ભારતીય સંસ્કૃતિનું પુનરુત્થાન અને રાષ્ટ્રીય ચિંતન

પંડિત યુગ (ઈ.સ. ૧૮૮૫ થી ૧૯૧૫) એ ગુજરાતી સાહિત્યનો એવો ગંભીર અને બૌદ્ધિક તબક્કો છે જ્યાં સાહિત્યકારોએ ભારતની પ્રાચીન અસ્મિતા અને પશ્ચિમના આધુનિક વિચારો વચ્ચે મજબૂત સેતુ બાંધ્યો. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના માટે આ યુગ 'વૈચારિક પાયો' પૂરો પાડે છે. આ યુગના સર્જકો—જેમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ નભુભાઈ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા અને આનંદશંકર ધ્રુવ મુખ્ય છે—તેમણે ભારતને એક સાંસ્કૃતિક એકમ તરીકે જોયું.

## ૧. ગોવર્ધનરામ ત્રિપાઠી: રાષ્ટ્રીય કલ્યાણના કલ્પક

પંડિત યુગના સર્વોચ્ચ શિખર એટલે ગોવર્ધનરામ ત્રિપાઠી. તેમની મહાનવલ **'સરસ્વતીચંદ્ર'** એ માત્ર ગુજરાતની નહીં, પણ ભારતીય જીવનનું દર્શન કરાવતું મહાકાવ્ય છે. આ નવલકથા કેવળ એક વાર્તા નથી, પણ ભારતીય સંસ્કૃતિ, કુટુંબવ્યવસ્થા અને 'દેશભક્તિ'નો મહાગ્રંથ છે. તેના પાત્ર 'કલ્યાણગ્રામ' દ્વારા ગોવર્ધનરામે ભારતના ગામડાઓના ઉત્થાનની કલ્પના કરી હતી. તેમણે ભારતને શ્રેષ્ઠ બનાવવા માટે પશ્ચિમના વિજ્ઞાન અને પૂર્વના આધ્યાત્મિક સંસ્કારોના સમન્વયની હિમાયત કરી, જે આજે પણ વૈશ્વિક એકતા માટે અનિવાર્ય છે.

## ૨. મણિલાલ નભુભાઈ દ્વિવેદી: આર્ય સંસ્કૃતિના રક્ષક

મણિલાલે ભારતીય તત્વજ્ઞાન અને અદ્વૈતવાદનો પ્રચાર કર્યો.જ્યારે પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વધી રહ્યો હતો, ત્યારે મણિલાલે 'આર્ય ધર્મ'ની સર્વોપરિતા સાબિત કરી ભારતીયોમાં આત્મગૌરવ જગાડ્યું. એકતા માટે આ 'સ્વ'નું ગૌરવ ખૂબ મહત્વનું છે.તેમના લખાણોમાં ભારતની આધ્યાત્મિક એકતા પર ભાર મૂકવામાં આવ્યો છે, જે ભૌતિક સરહદોથી ઉપર છે.

## ૩. આનંદશંકર ધ્રુવ: સમન્વયકારી પ્રતિભા

આનંદશંકર ધ્રુવે 'હિન્દુ ધર્મની ઉદારતા' અને 'સમન્વય' પર ભાર મૂક્યો.તેમણે સાબિત કર્યું કે ભારતના જુદા જુદા સંપ્રદાયો પાછળ એક જ સત્ય રહેલું છે. 'એક ભારત' માટે આ ધાર્મિક સહિષ્ણુતા અનિવાર્ય શરત છે.બનારસ હિન્દુ યુનિવર્સિટી સાથેના જોડાણ દ્વારા તેમણે ગુજરાત અને ઉત્તર ભારત વચ્ચે શૈક્ષણિક સેતુ બાંધ્યો, જે આજના 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના એક્સચેન્જ પ્રોગ્રામ જેવું જ કાર્ય હતું.

## ૪. નરસિંહરાવ દિવેટિયા

નરસિંહરાવે ગુજરાતી કવિતાને અંગ્રેજી કવિતાના સંસ્કારો આપી તેને નવી દ્રષ્ટિ આપી. તેમણે ભારતની પ્રકૃતિ અને ભાષાના સૌંદર્યને નવી રીતે રજૂ કર્યું. તેમની 'કુસુમમાળા' જેવી રચનાઓ દ્વારા ગુજરાતી સાહિત્યનો વ્યાપ વૈશ્વિક સ્તર સુધી વિસ્તર્યો.

### ➢ પંડિતયુગનું 'શ્રેષ્ઠ ભારત'માં પ્રદાન

પંડિતયુગના સાહિત્યનાં મુખ્ય પાસાંઓ જેવા કે **સંસ્કૃતિનો ગહન અભ્યાસ**, **બૌદ્ધિકતા અને ભાષાકીય સમૃદ્ધિ** - જે રાષ્ટ્રીય એકતાને પોષે છે. પંડિતયુગના સાહિત્યએ પ્રાચીન ગ્રંથો અને પુરાણોનું પુનઃમૂલ્યાંકન કરી ભારતની ભવ્યતા સાબિત કરી. એણે લાગણી કરતા બુદ્ધિ અને તર્ક દ્વારા ભારતની સમસ્યાઓના ઉકેલની વાત કરી. આ ઉપરાંત આ સાહિત્યએ સંસ્કૃત પ્રચુર ભાષા દ્વારા ગુજરાતી ભાષાને રાષ્ટ્રીય સ્તરની ગંભીર ચર્ચાઓ માટે સક્ષમ બનાવી.

પંડિત યુગ એ ગુજરાતી સાહિત્યની 'ચિંતનયાત્રા' છે. જો નર્મદ-દલપતરામે એકતાની જ્યોત જલાવી હોય, તો પંડિત યુગના સર્જકોએ તેમાં 'સાંસ્કૃતિક ઘી' પૂરીને તેને કાયમી પ્રકાશ આપ્યો. આ યુગનું સાહિત્ય આપણને શીખવે છે કે 'શ્રેષ્ઠ ભારત' ત્યારે જ બની શકે જ્યારે આપણે આપણી સંસ્કૃતિના મૂળને જાણીએ અને આધુનિક જગત સાથે કદમ મિલાવીએ.

### ➢ ગાંધીયુગ: ગુજરાતી સાહિત્યમાં રાષ્ટ્રીય એકતા અને વૈશ્વિક ચેતનાનો ઉદય

ગાંધીયુગ (૧૯૧૫-૧૯૪૫) એ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો અને ગુજરાતી સાહિત્યનો સૌથી પ્રભાવશાળી તબક્કો છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાને જો કોઈ યુગે સૌથી વધુ બળ પૂરું પાડ્યું હોય, તો તે ગાંધીયુગ છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

## ૧. મહાત્મા ગાંધી: રાષ્ટ્રીય એકતાના સૂત્રધાર

મહાત્મા ગાંધીના આગમન સાથે સાહિત્યના વિષયો, ભાષા અને દ્રષ્ટિકોણમાં ધરમૂળથી ફેરફાર આવ્યા. ગાંધીજીએ સાહિત્યકારોને આહવાન આપ્યું હતું કે, "એવું સાહિત્ય લખો જે ખેડૂત સમજી શકે અને જે કોશિયાને પણ સ્પર્શે." આ વિધાનમાં જ 'એક ભારત'નો પાયો હતો. ગાંધીજીએ 'નવજીવન' અને 'હરિજન' દ્વારા ગુજરાતી ભાષાને લોકભોગ્ય બનાવી અને તેને રાષ્ટ્રીય આંદોલનનું સાધન બનાવી. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' આજે વિશ્વના અનેક દેશોમાં એકતાના પાઠ ભણાવે છે. આ આત્મકથા ભલે ગુજરાતીમાં લખાઈ, પણ તેનો આત્મા ભારતીય છે. તેમાં આખા ભારતની સામાજિક સમસ્યાઓ, અસ્પૃશ્યતા નિવારણ અને નૈતિક મૂલ્યોની ચર્ચા છે.

**'હિન્દ સ્વરાજ'** પુસ્તકમાં ગાંધીજીએ ભારતની પ્રાચીન સંસ્કૃતિને આધુનિક પશ્ચિમી સંસ્કૃતિ સામે શ્રેષ્ઠ બતાવીને ભારતીયોમાં 'સ્વ'નું ગૌરવ જગાડ્યું. તેમણે બતાવી આપ્યું કે ભારતની ભિન્નતા એ નબળાઈ નહીં, પણ તાકાત છે.

## ૨. **ઝવેરચંદ મેઘાણી**: શૌર્ય અને બલિદાનના કવિ

ગાંધીજી એ જેમને 'રાષ્ટ્રીય શાયર' તરીકે ઓળખાવ્યા છે તે ઝવેરચંદ મેઘાણીએ તેમના શૌર્ય ગીતો દ્વારા આઝાદીની લડતમાં સમગ્ર દેશને એક કર્યો. 'યુગવંદના' અને 'સિંધુડો' ની કવિતાઓ બ્રિટિશ સામ્રાજ્ય સામે અખંડ ભારતનો હુંકાર હતો. તેમની 'કસુંબીનો રંગ' નામની શૌર્ય કવિતાએ સમગ્ર દેશના લોકોમાં સ્વતંત્રતા માટેની લડતનું જોમ અને સ્વાધીનતા માટેનું સ્વપ્ન જગાવ્યું. જુઓ એમના શબ્દોમાંથી પ્રગટતું વીરત્વ ;

“લાગ્યો કસુંબીનો રંગ !
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા
પીધો કસુંબીનો રંગ;
ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ. રાજ..”

આ રંગ રાષ્ટ્રભક્તિનો રંગ છે.એમના શૌર્યકાવ્યોમાં પણ આ રંગ એવો ઘેરો બન્યો કે તેમનો રાષ્ટ્રભક્તિથી સભર કાવ્યસંગ્રહ 'સિંધુડો' ને અંગ્રેજ સરકારે પ્રતિબંધ મૂકવો પડ્યો હતો. *ભારતની યુવા શક્તિની અદમ્ય આશાનું ચિત્રણ તેમની નીચેની પંક્તિઓમાં જુઓ ;*

"ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ."

*વિશ્વ માટે અહિંસાનો માર્ગ અપનાવનાર મહાત્માનું ગીત* 'છેલ્લો કટોરો' કાવ્યમાં બાપુના વ્યક્તિત્વદ્વારા વૈશ્વિક શાંતિનો સંદેશ છે.
"ઝેરનો કટોરો પી જજો બાપુ! સાગર પીનારા, અંજલિ નવ ઢોળજો બાપુ!"

**૩. ઉમાશંકર જોશી અને સુંદરમ્**

ઉમાશંકર જોશીની પંક્તિ "વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી,માથે ધરું ધૂળ વસુન્ધરાની."એ વૈશ્વિક એકતાનું સૂત્ર છે. તેમણે કહ્યું કે હું માત્ર ગુજરાતી કે ભારતીય નથી, હું વિશ્વનો માનવી છું. આ વિચાર જ ભારતને વૈશ્વિક મોડેલ બનાવે છે. ઉમાશંકર જોશીએ 'વિશ્વશાંતિ' કાવ્ય દ્વારા ભારતની આધ્યાત્મિકતાને વિશ્વના ફલક પર મૂકી.

**સુંદરમ્ ના કાવ્યોમાં દેશભક્તિ અને વૈશ્વિક માનવતાની રજૂઆત છે.તેમની જાણીતી પંક્તિ** "હું માનવી માનવ થાઉં તો ઘણું." *વૈશ્વિક માનવતાનો પાયો છે.*

**ખબરદારની કવિતામાં ગુજરાતીતા અને રાષ્ટ્રભક્તિ પ્રગટ થઈ છે.**
"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત;"
"જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત."

*તેમણે 'ભારતનો ટંકાર' કાવ્યસંગ્રહમાં રાષ્ટ્રભક્તિનાં ભારતોદ્ધારનાં પ્રેરક કાવ્યો આપી આપણા પહેલા રાષ્ટ્રશાયર બન્યા.તેમણે 'રાષ્ટ્રિકા'સંગ્રહમાં શૌર્ય – સ્વાપર્ણ પ્રેરતાં રાષ્ટ્રકાવ્યગીતો આપ્યાં છે.*

- **ગદ્ય સાહિત્ય અને અન્ય ભારતીય ભાષાઓ સાથેનો અનુબંધ**

**૧. કનૈયાલાલ મુનશી: અસ્મિતાના પુરસ્કર્તા**

મુનશીએ ગુજરાતી સાહિત્યમાં 'અસ્મિતા' શબ્દને નવું પરિમાણ આપ્યું.મુનશીએ **ભારતીય વિદ્યા ભવનની સ્થાપના** કરી ભારતીય સાહિત્યને એક મંચ પર લાવવાનું કામ કર્યું. એમણે

સાહિત્ય અને સંસ્થા દ્વારા ભારતીય સંસ્કૃતિના ગૌરવને પુનઃસ્થાપિત કર્યું. તેમની ઐતિહાસિક નવલકથાઓ (પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ) માં રાષ્ટ્રીય શૌર્યના દર્શન થાય છે. 'ગુજરાતનો નાથ' અને 'પૃથ્વીવલ્લભ' જેવી નવલકથાઓમાં ભારતીય અસ્મિતા અને આર્ય સંસ્કૃતિનું ભવ્ય આલેખન છે. એમણે સાહિત્ય દ્વારા તેમણે જે સાંસ્કૃતિક એકતાનું ચિત્રણ કર્યું, તે વાસ્તવિક જીવનમાં સોમનાથ મંદિરના પુનરુદ્ધાર દ્વારા 'એક ભારત'ના પ્રતીક તરીકે ઉભરી આવ્યું.

- **નવલકથા અને નાટકમાં રાષ્ટ્રીય ચેતના**

ગાંધીયુગની નવલકથાઓમાં ભારતીય સમાજની બદલાતી તસવીર જોવા મળે છે.

**રમણલાલ વ. દેસાઈ**ને 'યુગમૂર્તિ વાર્તાકાર' કહેવામાં આવે છે. 'ભારેલો અગ્નિ' જેવી નવલકથાઓમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દ્વારા ભારતીય અસ્મિતાનું દર્શન કરાવ્યું છે.**દર્શક**

**(મનુભાઈ પંચોળી)એ** : 'ઝેર તો પીધાં છે જાણી જાણી' જેવી કૃતિઓમાં ભારતીય દર્શન અને

પશ્ચિમી વિચારધારાનો સંઘર્ષ તથા સમન્વય બતાવ્યો છે, જે વિશ્વશાંતિ માટેનું એક મોડેલ છે.

- **પ્રવાસ સાહિત્ય અને ભૌગોલિક એકતા**

**ગુજરાતી ગદ્યમાં પણ અન્ય પ્રદેશો પ્રત્યેનો આદર જોવા મળે છે.ગુજરાતી લેખકોએ ભારતના ખૂણેખૂણાના પ્રવાસ દ્વારા 'એક ભારત'ની સંકલ્પના દ્રઢ કરી છે.**

- **કાકાસાહેબ કાલેલકર: પરપ્રાંતીય સાહિત્યિક સેતુ**

કાકાસાહેબ મૂળ મહારાષ્ટ્રીયન હતા, જેમની માતૃભાષા મરાઠી હતી, છતાં ગાંધીજીના પ્રભાવ હેઠળ તેમણે ગુજરાતીમાં અમર સાહિત્ય સર્જ્યું.ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું. કાકાસાહેબે તેમના પ્રવાસ વર્ણનો (હિમાલયનો પ્રવાસ, બ્રહ્મદેશનો પ્રવાસ) દ્વારા ભારતના ભૌગોલિક અંગોને એક પવિત્ર એકમ તરીકે રજૂ કર્યા.તેમણે ભારતની નદીઓને 'લોકમાતા' કહીને સંબોધી. ગંગા, યમુના, ગોદાવરી કે નર્મદા—તેમના મતે આ નદીઓ ભારતને જોડતી જીવનરેખાઓ છે.

### ➢ સુરેશ દલાલ અને ભોળાભાઈ પટેલ:

તેમના સાહિત્યિક પ્રવાસોમાં ઓડિશા, બંગાળ અને દક્ષિણ ભારતની કલા-સંસ્કૃતિનું દર્શન થાય છે.

### ➢ અનુવાદ સાહિત્ય: ભાષાકીય સેતુ

ગુજરાતીમાં રવીન્દ્રનાથ ટાગોર (બંગાળી), મહાશ્વેતા દેવી, કે સુબ્રમણ્યમ ભારતી (તમિલ) ના સાહિત્યનો જે વ્યાપક અનુવાદ થયો છે, તેણે ગુજરાતી વાચકોને 'શ્રેષ્ઠ ભારત'ના અન્ય પ્રદેશોની સંવેદનાઓ સાથે જોડ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને અકાદમીના પ્રયાસો આ દિશામાં પાયારૂપ છે.

### ➢ ગાંધીયુગ:વૈશ્વિક એકતા માટેનું મોડેલ

ભારતનું મોડેલ 'એકરૂપતા' (Uniformity) નું નથી પણ 'એકતા' (Unity) નું છે. ગુજરાતી સાહિત્યમાં અહિંસા, સત્ય, અપરિગ્રહ અને સહઅસ્તિત્વના જે મૂલ્યો છે, તે જ આજે વિશ્વના યુદ્ધગ્રસ્ત વાતાવરણમાં શાંતિનું મોડેલ બની શકે તેમ છે. યુદ્ધોથી જર્જરિત વિશ્વ માટે ગુજરાતી સાહિત્યે સત્યાગ્રહ અને અહિંસાનો સાહિત્યિક દસ્તાવેજ પૂરો પાડ્યો છે. 'સૌનું ભલું'—આ ભારતીય વિચારને સાહિત્યકારોએ વૈશ્વિક સ્તરે સ્થાપિત કર્યો છે. એમાં આર્થિક એકતા અને સ્થાનિક ઉદ્યોગોના ગૌરવ દ્વારા રાષ્ટ્રને મજબૂત કરવાનો વિચાર પ્રગટ થયો છે. પન્નાલાલ પટેલ, દર્શક (મનુભાઈ પંચોળી) અને રઘુવીર ચૌધરી જેવા સર્જકોએ માનવીય સંવેદનાઓને કેન્દ્રમાં રાખીને ભારતની લોકતાંત્રિક અને નૈતિક છબીને વિશ્વ સમક્ષ મૂકી છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' જેવી નવલકથા વૈશ્વિક સંઘર્ષોમાં ભારતીય તત્વજ્ઞાનનો માર્ગ બતાવે છે.

### ➢ સામાજિક ક્રાંતિ દ્વારા એકતા

ગાંધીયુગીન સાહિત્યે અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદ અને સ્ત્રી-પુરુષ અસમાનતા વિરુદ્ધ પ્રબળ અવાજ ઉઠાવ્યો.સાહિત્યમાં દલિતો અને વંચિતોને સ્થાન મળ્યું. જ્યારે સમાજનો છેવાડાનો માણસ મુખ્ય પ્રવાહમાં જોડાયો, ત્યારે જ 'એક ભારત' સાચા અર્થમાં 'શ્રેષ્ઠ ભારત' બનવાની દિશામાં આગળ વધ્યું.

➢ **નિષ્કર્ષ**

ગાંધીયુગ એ ગુજરાતી સાહિત્યનો એવો પ્રકાશીત કાળ છે જેમાં સાહિત્યકારે કેવળ કલ્પનાના કિલ્લા નથી બાંધ્યા, પણ ભારતની વાસ્તવિકતા અને તેની એકતાને શબ્દોમાં કંડારી છે. આ યુગના સાહિત્યે સાબિત કર્યું કે ભારતની ભિન્ન ભિન્ન ભાષાઓ અને પ્રાંતો એક જ હૃદયના ધબકારા છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો આત્મા ગાંધીયુગીન સાહિત્યમાં સૌથી વધુ જીવંત રીતે ધબકે છે.

❖ **આધુનિક અને અનુ-આધુનિક યુગ: ગુજરાતી સાહિત્યમાં વૈશ્વિકતા અને રાષ્ટ્રીય જોડાણ**

સ્વાતંત્ર્ય બાદના સમયગાળામાં ગુજરાતી સાહિત્યમાં 'આધુનિકતા' (Modernism) નો પ્રારંભ થયો. સુરેશ જોષીથી શરૂ થયેલી આ પરંપરામાં સાહિત્યના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું, પરંતુ તેના મૂળમાં રહેલી ભારતીયતા અને એકતાની શોધ અવિરત રહી. આધુનિક અને અનુ-આધુનિક યુગમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના વધુ વ્યાપક અને વૈશ્વિક બની છે. આ યુગમાં ગુજરાતી સાહિત્ય કેવળ ભક્તિ કે આઝાદીના આંદોલન સુધી મર્યાદિત ન રહેતા, આધુનિક માનવીની સંવેદનાઓ અને વૈશ્વિક ફલક પર ભારતીયતાના સ્થાપનનું માધ્યમ બન્યું છે.

**૧. સાહિત્યિક સીમાઓનો વિસ્તાર: 'ભારતીય' નવલકથાનો ખ્યાલ**

આધુનિક યુગના સર્જકોએ પ્રાદેશિક નવલકથાઓ લખી હોવા છતાં, તેમાં આલેખાયેલી સમસ્યાઓ  સમગ્ર ભારતની હતી.

- **પન્નાલાલ પટેલ**: તેમની 'માનવીની ભવાઈ' ભલે ઉત્તર ગુજરાતના ગ્રામીણ પરિવેશમાં હોય, પણ તેમાં આલેખાયેલો 'દુકાળ' અને માનવીની જીજીવિષા આખા ભારતની કથા છે. જ્યારે તેમને 'જ્ઞાનપીઠ એવોર્ડ' મળ્યો ત્યારે તે સાબિત થયું કે એક પ્રાદેશિક કૃતિ પણ 'શ્રેષ્ઠ ભારત'નું પ્રતિનિધિત્વ કરી શકે છે.
- **દર્શક (મનુભાઈ પંચોળી)**: 'સોક્રેટિસ' કે 'કુરુક્ષેત્ર' જેવી કૃતિઓ દ્વારા તેમણે વિશ્વ ઇતિહાસ અને ભારતીય મહાભારતને જોડીને માનવતાનો સંદેશ આપ્યો. તેમણે બતાવ્યું કે ભારતનો આધ્યાત્મિક વારસો જ વૈશ્વિક સંઘર્ષોનો ઉકેલ છે.

## ૨. કવિતામાં વૈશ્વિક સંવેદના અને ભારત

આધુનિક કવિઓએ ભાષાના નવા પ્રયોગો કર્યા, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ ઓછો ન થયો.

- **રઘુવીર ચૌધરી**: તેમની કવિતા અને ગદ્યમાં લોકજીવનની મહેક સાથે આધુનિક ભારતની ગતિશીલતાના દર્શન થાય છે.

## ૩. ડાયસ્પોરા (Diaspora) સાહિત્ય: વૈશ્વિક એકતાનું નવું મોડેલ

આધુનિક યુગની સૌથી મોટી વિશેષતા એ છે કે ગુજરાતી સાહિત્ય હવે માત્ર ગુજરાતમાં જ નહીં, પણ અમેરિકા, યુકે, કેનેડા અને આફ્રિકામાં પણ લખાય છે.

- **વૈશ્વિક ગુજરાતી**: વિદેશમાં વસતા ગુજરાતી સર્જકો (જેમ કે પન્ના નાયક, મધુ રાય) ની કૃતિઓમાં ભારત માટેનો ઝુરાપો અને ભારતીય સંસ્કારોની જાળવણી જોવા મળે છે. આ સાહિત્ય વિશ્વના ખૂણેખૂણે વસતા ભારતીયોને એક સૂત્રમાં બાંધે છે, જે 'વૈશ્વિક એકતા'નું પ્રાયોગિક મોડેલ છે.

## ૪. અન્ય ભારતીય ભાષાઓ સાથેનો જીવંત અનુબંધ

આધુનિક યુગમાં અનુવાદ કલા અત્યંત વિકસી છે.

- **સાહિત્યિક આદાન-પ્રદાન**: મરાઠી, બંગાળી, મલયાલમ અને હિન્દી સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકો ગુજરાતીમાં ઉપલબ્ધ થયા છે. ભોળાભાઈ પટેલ જેવા વિદ્વાનોએ પશ્ચિમ બંગાળના સાહિત્ય અને સંસ્કૃતિને ગુજરાતના આંગણે લાવીને 'સેતુબંધ'નું કાર્ય કર્યું છે. જ્યારે કોઈ ગુજરાતી વાચક રવીન્દ્રનાથ કે વૈકોમ મોહમ્મદ બશીરને વાંચે છે, ત્યારે તે ભાષાના ભેદ ભૂલીને 'શ્રેષ્ઠ ભારત'નો અનુભવ કરે છે.

## ૫. આધુનિક અને અનુ-આધુનિક યુગ: વૈશ્વિક એકતા માટે આધુનિક મોડેલ

આધુનિક ગુજરાતી સાહિત્ય નીચે મુજબના મુદ્દાઓ દ્વારા 'એક ભારત' અને 'વૈશ્વિક એકતા'ને પ્રોત્સાહન આપે છે:

1. **ટેકનોલોજી અને સોશિયલ મીડિયા**: ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ગુજરાતી સાહિત્ય વિશ્વવ્યાપી બન્યું છે, જે સરહદો વગરની એકતા સ્થાપે છે.
2. **પર્યાવરણીય નિસ્બત**: આધુનિક કવિતાઓમાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે, જે વૈશ્વિક સમસ્યા (Climate Change) સામે લડવા માટે એકીકૃત ચેતના જગાડે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

3. **સાંસ્કૃતિક ગૌરવ**: ગ્લોબલાઈઝેશનના યુગમાં પોતાની ઓળખ જાળવી રાખીને વિશ્વ સાથે કેવી રીતે જોડાવું, તે આ યુગનું સાહિત્ય શીખવે છે.

## ➢ નિષ્કર્ષ

"એક ભારત શ્રેષ્ઠ ભારત: વૈશ્વિક એકતા માટે એક મોડેલ" વિષય પરના આ સંશોધન દ્વારા સ્પષ્ટ થાય છે કે ગુજરાતી સાહિત્ય તેના ઉદ્ભવથી જ રાષ્ટ્રીય એકતાની ધારા વહેવડાવી રહ્યું છે. મધ્યકાળના સંતોએ ભક્તિ દ્વારા હૃદય જોડ્યા, ગાંધીયુગના સર્જકોએ આઝાદી માટે લોકચેતના જગાડી અને આધુનિક સર્જકોએ ભારતીય સંવેદનાને વૈશ્વિક સ્તર પર પ્રસ્થાપિત કરી.

ભારતની શક્તિ તેની વિવિધતામાં છે અને સાહિત્ય તે વિવિધતાને એકતામાં પરિવર્તિત કરનારું રસાયણ છે. ગુજરાતી ભાષાના માધ્યમથી રજૂ થયેલું આ 'એક ભારત'નું ચિત્ર આજે વિશ્વ માટે શાંતિ, સહઅસ્તિત્વ અને બંધુત્વનું શ્રેષ્ઠ મોડેલ બની શકે છે. સાહિત્યિક સેતુ દ્વારા જ આપણે "વસુધૈવ કુટુંબકમ્" ના પ્રાચીન આદર્શને આધુનિક વિશ્વમાં સાકાર કરી શકીએ છીએ.

"એક ભારત શ્રેષ્ઠ ભારત: વૈશ્વિક એકતા માટે એક મોડેલ" વિષય પરના પ્રસ્તુત સંશોધન પત્રના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ નીચે મુજબના તારણો અને નિષ્કર્ષ તારવી શકાય છે:

### ૧. સાહિત્યિક અખંડિતતાનો સ્વીકાર

ગુજરાતી સાહિત્યની વિકાસયાત્રા તપાસતા સ્પષ્ટ થાય છે કે, તે ક્યારેય પણ ગુજરાતની ભૌગોલિક સરહદોમાં કેદ રહ્યું નથી. મધ્યકાળના સંતોએ ભક્તિના માધ્યમથી જે હૃદયનું જોડાણ કર્યું હતું, તેને અર્વાચીન યુગના પંડિતોએ બૌદ્ધિક આધાર આપ્યો અને ગાંધીયુગના સર્જકોએ તેને રાષ્ટ્રીય આંદોલનનું સ્વરૂપ આપ્યું. આમ, ગુજરાતી સાહિત્ય એ ભારતીયતાના મહાસાગરનું જ એક અભિન્ન અંગ છે.

### ૨. વિવિધતામાં એકતાનું પ્રતિબિંબ

ગુજરાતી ભાષાએ અન્ય ભારતીય ભાષાઓ (હિન્દી, સંસ્કૃત, બંગાળી, મરાઠી) ના શબ્દો અને સંસ્કારોને ઉદારતાથી સ્વીકાર્યા છે. આ ભાષાકીય ઉદારતા જ 'એક ભારત'ના નિર્માણની પૂર્વશરત છે. જ્યારે નરસિંહ મહેતાના પદો ઉત્તર ભારતમાં ગવાય છે અથવા મીરાંબાઈના પદો આખું ભારત ગુંજાવે છે, ત્યારે તે સાબિત કરે છે કે સાહિત્યિક સંવેદનાને કોઈ પ્રાંતવાદ નડતો નથી.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

## ૩. વૈશ્વિક એકતા માટેનું મોડેલ

આજના અશાંત અને વિભાજિત વિશ્વ માટે ભારતીય મૂલ્યો જેવા કે 'વસુધૈવ કુટુંબકમ્' અને 'અહિંસા' એક માર્ગદર્શક મોડેલ છે. ઉમાશંકર જોશીની 'વિશ્વમાનવી'ની કલ્પના કે ગાંધીજીના સત્યના પ્રયોગો—આ વૈશ્વિક શાંતિના દસ્તાવેજો છે. ગુજરાતી સાહિત્યમાં આલેખાયેલું 'શ્રેષ્ઠ ભારત' એ માત્ર ભૌતિક રીતે શક્તિશાળી ભારત નથી, પરંતુ નૈતિક અને આધ્યાત્મિક રીતે જગતને પ્રેરણા આપતું ભારત છે.

## ૪. ભવિષ્યની દિશા

આધુનિક ટેકનોલોજી અને વૈશ્વિકીકરણના યુગમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અભિયાનને સફળ બનાવવામાં સાહિત્યિક આદાન-પ્રદાન સૌથી મજબૂત માધ્યમ છે. ગુજરાતી સાહિત્યના અન્ય ભાષાઓમાં અનુવાદો અને ડાયસ્પોરા સાહિત્ય દ્વારા વિશ્વભરમાં વસતા ભારતીયો એક અતૂટ સાંસ્કૃતિક તાંતણે બંધાયેલા છે.

**અંતિમ શબ્દોમાં કહીએ તો**:

ગુજરાતી ભાષા અને સાહિત્ય એ ભારતીય સંસ્કૃતિનો એવો જીવંત વારસો છે, જે પ્રાદેશિકતાના અહંકારને ઓગાળીને રાષ્ટ્રીયતાના ગૌરવની સ્થાપના કરે છે. આ સાહિત્યિક ચેતના જ ભારતને 'એક' રાખશે અને વિશ્વ સમક્ષ એક 'શ્રેષ્ઠ' માનવીય મોડેલ રજૂ કરશે.

## <u>સંદર્ભ સૂચિ</u> :


- **ગાંધી, મોહનદાસ કરમચંદ**, *સત્યના પ્રયોગો*, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
- **જોશી, ઉમાશંકર**, *સમગ્ર કવિતા*, ગંગોત્રી ટ્રસ્ટ, અમદાવાદ.
- **મેઘાણી, ઝવેરચંદ**, *યુગવંદના* અને *સિંધુડો*, પ્રસાર પ્રકાશન, ભાવનગર.
- **પટેલ, પન્નાલાલ**, *માનવીની ભવાઈ*, સાધના પ્રકાશન, અમદાવાદ.
- **ત્રિપાઠી, ગોવર્ધનરામ**, *સરસ્વતીચંદ્ર* (ભાગ ૧ થી ૪), એન.એમ. ત્રિપાઠી એન્ડ કંપની.
- **નર્મદ**, *મારી હકીકત* અને *નર્મકવિતા*, ગુજરાતી સાહિત્ય પરિષદ
- **બ્રહ્મભટ્ટ, પ્રસાદ**, *ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (મધ્યકાલીન અને અર્વાચીન)*, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
- **મડિયા, ચુનીલાલ**, *ગુજરાતી સાહિત્યમાં રાષ્ટ્રવાદ અને ક્રાંતિ*, રન્નાદે પ્રકાશન.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X


- **ચૌધરી, રઘુવીર**, *સાહિત્યિક સેતુ અને રાષ્ટ્રીય એકતા*, ગુજરાતી સાહિત્ય અકાદમી.
- **કાલેલકર,કાકાસાહેબ**, *જીવનનો આનંદ* અને *લોકમાતા*, નવજીવન પ્રકાશન મંદિર.
- **પંચોળી, મનુભાઈ (દર્શક)**, *ઇતિહાસ અને સંસ્કૃતિ*, લોકભારતી પ્રકાશન.


**<u>સામયિકો અને વેબ સ્રોતો</u>**


- *પરબ* (ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર) - વિવિધ અંકો.
- *શબ્દસૃષ્ટિ* (ગુજરાત સાહિત્ય અકાદમીનું સામયિક).
- ભારત સરકારની 'Ek Bharat Shreshtha Bharat' સત્તાવાર વેબસાઇટ (ebsb.gov.in).
- ગુજરાત વિશ્વકોશ (Gujarat Vishwakosh) - 'ગુજરાતી સાહિત્ય' અને 'રાષ્ટ્રીયતા' વિષયક નોંધ.